॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥




સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ

પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

**ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુર્ગુરૂર્દેવો મહેશ્વરઃ; ગુરૂઃ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ.**

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ અષાઢ, જુલાઈ - ૨૦૨૪ અંક - ૭




સુરત શહેરમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજીની અધ્યક્ષતામાં
જેઠ સુદ પૂનમ ઉત્સવ તા. ૨૧-૬-૨૪ના રોજ ઉજવાયો હતો.

**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૪૬ / જુલાઈ – ૨૦૨૪ / અંક–૭

## અનુક્રમણિકા


૦૪ શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

૦૮ આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે
કૃષ્ણાબેન જી. સવાણી

૧૦ સવારમાં ઊઠતાં પહેલાં મનને સમજાવો
ધ્રુવી વિપુલભાઈ સોનાણી

૧૧ વિવેક ચુડામણી
કિરણ એમ. ભરોડીયા

અમરતાનો અનુભવ

૧૫ સત્સંગ સાગર
હંસાબેન બી. ગોયાણી

૧૬ સુમેરુ
કાળુભાઈ કોશિયા

૧૭ પાંડવોનું વૃષપર્વા અને આર્ષ્ટિષેણના આશ્રમો પર જવું - મહાભારત

૧૯ ગુરુ પૂર્ણિમા આમંત્રણ પત્રિકા-ચાણોદ

૨૦ ગુરુપૂર્ણિમા આમંત્રણ પત્રિકા-સુરત

ગુરુપૂર્ણિમા આમંત્રણ પત્રિકા-અમેરિકા

૨૨ સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,**
**૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,**
**માનગઢ ચોક,**
**વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી**
**શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**

## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
**શ્રી માધવાનંદ આશ્રમ,**
**ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણાબેન એ. બેલડિયા
(વલ્લભીપુર)


## પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ

(ગતાંકથી ચાલુ)

**प्रह्लाद उवाच**

**मतिर्न कृष्णे परतः स्वतो वा**
**मिथोऽभिपद्येत गृहव्रतानाम् ॥७-५-३०॥**

કે, 'આ સંસારી જીવો પર ભગવાનની કૃપા થાય તો જ આવી ભક્તિ મળે છે. કોઈ શીખવાડે તોય લોકોને આવડતી નથી. પોતાની જાતે પણ આવડતી નથી. પણ જ્યારે ભગવાન દયા કરે ત્યારે જીવને આવું જ્ઞાન હૃદયમાં આવે છે. એટલે મનુષ્યે ખૂબ ભક્તિ કરતી રહેવી તો ભક્તિ વધશે.



હિરણ્યકશિપુ ખીજાયો ને કહ્યું, 'આને હવે ગમે તેમ કરીને મારી નાખો. કેમકે આ આપણા પક્ષનો નથી. આપણા વિરોધીનો પક્ષ લેવાવાળો છે. એટલે એને હાથીના પગ નીચે કચડી નાખો.' મારવા માટે ઝેર આપ્યું. હોલિકા દહન કરાવ્યું. પર્વત પરથી પાડ્યો, અનેક પ્રકારે મારવાના પ્રયત્નો કર્યા પણ મર્યો નહીં ત્યારે હિરણ્યકશિપુ દુઃખી થવા લાગ્યો ફરી એણે વિચાર કર્યો કે આને ફરી એકવાર સુધરવાનો સમય આપીએ. એણે શિક્ષકોને કહ્યું, 'તમે આને ભણાવવા લઈ જાવ. તમે આને કુટનીતિ ને રાજનીતિ ભણાવજો. બીજુ કંઈ ધર્મનું ભણવા દેશો નહીં.' એમ કરીને ભણવા મોકલ્યો. પ્રહ્લાદને ભણાવવાવાળા જ્યારે ઘેર જાય ત્યારે પ્રહ્લાદ બધાને ભક્તિ ભણાવવા લાગી જાય. બધા અસુરોને ભેગા કરીને પ્રહ્લાદ શીખવાડે.

**कौमार आचरेत्प्राज्ञो धर्मान् भागवतानिह ।**
**दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥७-६-१॥**

પ્રહ્લાદ અસુર પુત્રોને શાળામાં એવું શિક્ષણ આપે છે કે : 'હે બાળકો ! તમે નાનપણમાં ધર્મનું પાલન કરો. કેમકે આ શરીર રહ્યું કે ન રહ્યું; આનો કોઈ ભરોસો નથી. તમે એ ભરોસો ન રાખશો કે કાલે શું થશે. કેમકે કાલે યુદ્ધ થઈ શકે, ભુકંપ થઈ શકે અકસ્માત થઈ શકે. ગમે તે રીતે શરીર પડી શકે. શરીર તો નાશવંત છે. એટલા માટે હે બાળકો ! તમે જુવાનીમાં ધર્મનું પાલન કરો. એટલે ભર્તૃહરિ રાજાએ પણ લખ્યું છે કે- 'ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસીયે તો આગ ઓલાતી નથી. એમ આયુષ્ય ચાલ્યુ ગયું પછી કહે ઘરડા થયા પછી કહે મારે ભજન કરવું છે તો ભજન થતું નથી. નાનપણથી જ જુવાનીમાંથી જ મનુષ્યે ધર્મશીલ થવું જોઈએ. વીસ વર્ષે વિશ્વંભર મળશે. જે વીસ વર્ષથી જ ભગવાનની ભક્તિમાં લાગી જાય તે નરમાંથી નારાયણ થઈ જાય છે. નો કરે એના કરતા જ્યારે કરે ત્યારે લાભ છે. પણ પુરેપુરો લાભ તેને છે જે નાનપણથી સમજીને ભક્તિ કરવા લાગી જાય પછી એને યુક્તિ બતાવતા કહે છે.

**सुखमैन्द्रियकं दैत्या देहयोगेन देहिनाम् ।**
**सर्वत्र लभ्यते दैवाद्यथा दुःखमयत्नतः ॥७-६-३॥**

'હે દૈત્ય પુત્રો ! ભગવાનનું ભજન માનવ જન્મમાં મળે છે. બીજે ક્યાંય મળતું નથી અને ઈન્દ્રિયોનું સુખ તો કુતરા, કાગડા, મીંદડાને બધાય જન્મમાં મળે છે. જેમ દુઃખ વગર બોલાવ્યું આવે એમ ભોગો પણ વગર બોલાવ્યે આવવાના જ. તો દુઃખ જેમ કર્મમાં હોય એમ આવે એમ, સંસારના સુખો પણ કર્મમાં હોય તે આવવાના જ છે.'

### "સુખદુઃખ એની પેરે આવશે, જેમ કંઈ નાળીયેરમાં નીર (૨)"

પ્રહ્લાદ બધા અસુર પુત્રોને શીખવાડે છે કે 'હે મિત્રો ! તમે બધા હવે ધર્મનું પાલન કરવા લાગો કોઈને દુઃખ દેશો નહીં. કોઈને પીડા દેશો નહીં, નહીં તો પાપ કરશો તો નર્કમાં જવું પડશે એટલે હે અસુરો ! હવે તમે સુધરી જાવ. તમારા આત્માનું કલ્યાણ કરવા માટે તૈયાર થઈ જાવ. આ ગૃહસ્થાશ્રમમાં પડ્યા રહીને તમે મહાપાપી થઈને દુઃખી થશો.'

**औपस्थ्यजैह्व्यं बहु मन्यमानः ।**
**कथं विरज्येत दुरन्तमोहः ॥७-६-१३॥**

પ્રહ્લાદ કહે છે, 'જો તમે બાળક અવસ્થામાં ભક્તિ ન કરી તો પછી યુવાનીમાં ભોગમાં પડી જશો. પછી કમાવામાં ને ધમાવામાં પડી જશો. પછી ભક્તિ કંઈ થઈ શકવાની નથી. એટલે નાનપણથી જો ધર્મવાળા બનશો તો તમારું જલ્દી કલ્યાણ થશે.'

**ततो विदूरात् परिहृत्य दैत्या**
**दैत्येषु सङ्गंविषयात्मकेषु।**
**उपेत नारायणमादिदेवं**
**स मुक्तसङ्गैरिषितोऽ पवर्गः ॥७-६-१८॥**

પ્રહ્લાદ કહે છે, 'હે અસુર પુત્રો ! તમે અસુરોનો સંગ છોડો, પાપીઓનો સંગ છોડો, વ્યસની દુરાચારીનો સંગ છોડો અને મહાપુરૂષો જે સંતો હોય, ભક્તો હોય એનો સમાગમ કરો ને ત્યાં રહીને ભગવાનને રાજી કરો.'

**न ह्यच्युतं प्रीणयतो बह्वायासोऽ सुरात्मजाः ।**
**आत्मत्वात् सर्वभूतानां सिद्धत्वादिह सर्वतः ॥**

'હે અસુરો ! ભગવાનને રાજી કરવામાં કોઈ આયાસ નથી. પીડા નથી, દુઃખ નથી કેમકે ભગવાન સિદ્ધ છે સર્વમાં હાજરા હજુર છે. એટલા માટે સર્વની અંદર રમી રહેલા છે. ચરાચરમાં ભગવાન છે. એમ માનીને કોઈની સાથે દ્વેષ કરશો નહીં. બધાની સાથે સંપીને રહેજો.'

**एक एव परो ह्यात्मा भगवानीश्वरोऽ व्ययः** ॥७-६-२१
**प्रत्यगात्मस्वरूपेण दृश्यरूपेण च स्वयम्** ॥७-६-२२

એક પરમાત્મા આત્મ રૂપે બધામાં રહેલો છે એ...

**केवलानुभवानन्दस्वरूपः परमेश्वरः ।**
**माययान्तर्हितैश्वर्य ईयते गुणसर्गया ॥७-६-२३॥**

પરમાત્મા કેવલ આનંદ સ્વરૂપ છે. પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ છે. બધામાં ઘટ-ઘટમાં વ્યાપી રહેલા છે. એજ માયાને લઈને જુદાં-જુદાં રૂપો એમાં થાય છે.

**तस्मात् सर्वेषु भूतेषु दयां कुरुत सौहृदम् ।**
**आसुरं भावमुन्मुच्य यया तुष्यत्यधोक्षजः** ॥७-६-२४

પ્રહ્લાદ કહે છે, 'હે અસુરો ! એટલા માટે તમે સર્વમાં ભગવાન છે. એમ સમજી બધાનો દ્વેષ છોડી દો, વેર છોડી દો, કોઈની સાથે ઝઘડો કરશો નહીં' એમ આપણે પણ દેરાણી જેઠાણીના ઝઘડા છોડી દેવા. જો ભગવાન બધામાં છે એમ દ્રઢ કરશો તો કથા સફળ થશે. નહીં તો પછી કથા સાંભળશો આ કાને ને ઘરે જઈને ઝઘડશો તો કોઈ કથાનો લાભ મળશે નહીં એટલે ભગવાનની કથા એમ શીખવવા માંગે છે કે સર્વમાં ભગવાન છે એમ માની ને સૌની સાથે હળીમળીને પ્રેમથી વ્યવહાર કરવો. એટલા માટે અહીં બતાવ્યું કે હે બાળકો ! તમે આ રીતે સુંદર કામ કરો.

**श्रुतमेतन्मया पूर्वं ज्ञानं विज्ञानसंयुतम् ।**
**धर्मं भागवतं शुद्धं नारदाद् देवदर्शनात्** ॥७-६-२८॥

પ્રહ્લાદ કહે, 'મેં આ બધી વાત નારદજી પાસેથી સાંભળી છે ને તમને બતાવી છે. તમે જો આનું પાલન કરશો તો અવશ્ય તમારું કલ્યાણ થશે.' ત્યારે દૈત્યપુત્રો કહેવા લાગ્યા કે 'આપણે બધા સાથે ભણતા હતા છતાં તને નારદનો ભેટો ક્યારે થયો ?' ત્યારે પ્રહ્લાદ કહેવા લાગ્યો, 'મારી માતા કયાધુને જ્યારે ઈન્દ્ર લઈ જતો હતો ત્યારે નારદજી તેને ભેટ્યા' નારદજીએ કહ્યું, 'આના ગર્ભમાં ભક્ત છે. એને તું મારવાનું છોડી દે.' તેથી ઈન્દ્રે કયાધુને છોડી દીધી. કયાધુને ઈન્દ્ર જ્યાં લઈ ગયો ત્યાં નારદજી ગયા ને નારદજીએ કયાધુને જે જ્ઞાન આપ્યું એ

કયાધુ તો ભૂલી ગઈ પણ પ્રહ્લાદને બધું જ યાદ રહી ગયું. એટલે પ્રહ્લાદ કહે, 'મને જે જ્ઞાન છે એ હું તમને સંભળાવું એ તમે બધા પ્રેમથી સાંભળો.'

**जन्माद्याः षडिमे भावा दूष्टा देहस्य नात्मनः ।**
**फलानामिव वृक्षस्य कालेनेश्वरमूर्तिना** ॥७-७-१८॥

'જન્મ વગેરે જે વિકાર છે એ શરીરના છે. આત્માને નથી. આ રીતે યાદ રાખવું. જન્મવું ને મરવું; વધવું ને ઘટવું; જુવાન થવું ને વિકારી થવું - આ બધું શરીરને થાય છે. આત્મા જન્મે પણ નહીં ને મરે પણ નહીં આત્મા વધે પણ નહીં ને ઘટે પણ નહીં. આત્મા સર્વથા અસંગ નિર્લેપ છે.' હવે આત્માનું જ્ઞાન આપે છે.

**"આત્માને ઓળખ્યા વિના રે, ભવના ફેરા નહીં તો મટે રે જી.**
**ભ્રમણાને ભાંગ્યા વિના રે, લક્ષચોરાસી નહીં તો ટળે રે જી."**

**"આતમ જ્ઞાન વિના ઘર સુનું રે,**
**સગપણ શોધીને કાઢજો જૂનું રે."**

**"આત્મ જ્ઞાન વિહીના મૂઢાઃ તે પચ્યન્તે નરક નિગૂઢાઃ**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મૂઢમતે."**

**" જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં**
**લગી સાધના સર્વ જૂઠી."**

એ આત્મા ક્યાં છે ? કેવો છે ? એનાં લક્ષણો અહીં બતાવે છે. તે ધ્યાનથી સાંભળો જો આત્મજ્ઞાન થઈ જશે તો અત્યારે જ તમે મુક્ત થઈ જશો. આ રીતે 'હું' ને 'મારું' શરીરમાંથી છોડવાનું કહે છે.

**आत्मा नित्योऽव्ययः शुद्ध एकः क्षेत्रज्ञ आश्रयः ।**
**अविक्रियः स्वदृग् हेतुर्व्यापकोऽ सङ्ग्यनावृतः ॥**
**एतैर्द्वादशभिर्विद्वानात्मनो लक्षणैः परैः ।**
**अहं ममेत्यसद्भावं देहादौ मोहजं त्यजेत्** ॥७-७-२०

આ સાતમાં સ્કંધના સાતમાં અધ્યાયના શ્લોકો છે. આ ઓગણીસને વીસમો શ્લોક બરાબર હૃદયમાં દ્રઢ કરવો તો આત્મજ્ઞાન પાકું થઈ જાય. આ જ્ઞાન તમારે શરીરમાંથી હું ને મારું છોડવાનું છે જો એ છૂટે તો જ્ઞાન લાભ કર્તા થયું કહેવાય અને ન છૂટે તો ન સાંભળ્યું તોય શું ને સાંભળ્યું તોય શું ? તમે 'હું' ને શરીરની સાથેથી કાઢીને આત્મા સાથે જોડો.

**(૧) નિત્ય :** શરીર હું નથી પણ હું અમર આત્મા છું. એ આત્માનું પહેલું લક્ષણ છે. અમર એટલે નિત્ય કહેવાય. આત્મા તો બધે છે જ એટલે એને જન્મવું ન પડે ને મરવું ન પડે. ગીતામાં પણ કહ્યું છે કે આત્મા મરતો નથી ને જન્મતો પણ નથી. શરીર મરવા છતાં આત્મા મરતો નથી. આ જ્ઞાન નિત્ય છે. 'હું' અમર છું. એમ માનીને મરવાનો ભય છોડી દેવો. જો 'હું' અમર આત્મા છું. એવું દ્રઢ કરશો તો મરવાનો ભય એની જાતે છૂટી જશે પછી તમારે રાખવો હશે તોય નહીં રહે.

**"જેને હોય ગુરૂ વચને વિશ્વાસ, અભય પદ ગુરૂ આપશે."**

તો ગુરૂ જો કહે કે આત્મા અમર છે. એ આત્મા હું છું એવું જ્ઞાન જો દ્રઢ કરો તો મરવાનો ભય છૂટી જાય એટલે એમ દ્રઢ કરવું કે, હું તો અમર આત્મા છું. આ શરીર મરવાવાળું છે. આ શરીર હાડકાં-ચામડાં-મળમૂત્ર વાળું છૂટી જાય તો સારું માટે એમાં રહેવાની જરૂર નથી. જ્યારે જવું હોય ત્યારે ભલે જાય. આવી દ્રઢ ભાવના કરીને રહેશો તો, તમારી ભક્તિ પણ સારી થશે. પરોપકારના કામો પણ સારા થશે એમ જીવન નિર્ભય બનશે. નિર્ભય થશો તો સારી ભક્તિ થશે કેમ કે....

**"પ્રભુનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને;**
**પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને."**

તો ધ્યાનથી બરાબર પાકું કરો. આત્મા નિત્ય છે. એવુ દ્રઢ કરીને નિર્ભય થઈને રહેવું. તમે કામ-ધંધો ખેતી વ્યાપાર કરશો તો નિર્ભય થઈને કરશો તો સારો થશે. અર્જુન જ્યારે યુદ્ધમાંથી પાછા જવાનું કહેતો હતો ત્યારે નિર્ભયતા આપી કે, 'હે અર્જુન ! તું યુદ્ધ કર. જો તું મરીશ તો તને સ્વર્ગ મળશે અને જીતીશ તો તને રાજ્ય મળશે તારો આત્મા મરતો નથી ને મરવાનો નથી.' એવું જ્ઞાન આપ્યું ત્યારે અર્જુને યુદ્ધ વીરતાથી કર્યુ ને અર્જુન જીતી ગયો એમ આપણે વીરતાથી સંસારના કામો કરીએ. જેથી કામ-ક્રોધ-લોભ-મોહને જીતી શકીએ. તો પાપમાં ન પડીએ તો વિજય થઈ જાય. નહિતર સંસારના કામો કરતાં જો કામી-ક્રોધી-લોભી થઈ ને જો પાપ કરે તો નર્કમાં જવું પડે. તો વ્યવહાર કરે

તોય નુકશાન અને ન કરે તોય નુકશાન જ્યારે પેલું તો વ્યવહાર કરો તોય સફળ ને ન કરો તોય બ્રહ્માનંદ તો છે જ. એટલે આત્માનું પહેલું લક્ષણ છે નિત્ય એ જાણવાથી લાભ અભયતાનો પ્રાપ્ત થશે.

(૨) **અવ્યય :** એટલે આત્મા વધે પણ નહીં ને ઘટે પણ નહીં એનું નામ અવ્યય. વ્યય એટલે વધવું અને ઘટવું જ્યારે આત્મા વધે પણ નહીં ને ઘટે પણ નહીં શરીર વધે ને શરીર ઘટે છે.

**"મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું,**
**જૂનું તો થયું રે દેવળ જુનું તો થયું...મારો હંસલો નાનો "**

તો શરીર વધે-ઘટે છે. શરીર ઘરડું થાય, જુવાન થાય, બાળક થાય છે. જ્યારે આત્મા તો વધતો પણ નથી ને ઘટતો પણ નથી એવો અવ્યય આત્મા છે. એવું દ્રઢ કરવાથી હરખ ને શોક છૂટી જાય છે. એટલે સારો ન થાય એટલે એનો હરખ નહીં ને ઘટે પણ નહીં એટલે એનો શોક પણ નહીં,

**"હરખ ને શોકની ના'વે જેને હેડકી ને,**
**એને રે કહીએ પ્રભુના દાસ."**

જો હરખને શોક ન રહે તો જીવ ભગવાનની સાચી ભક્તિ કરી શકે. એટલા માટે ભગવાનની ભક્તિ કરવામાં હરખ-શોક છોડીને મનુષ્યે ચાલવું. આત્માનું બીજું લક્ષણ યાદ રાખવું જેનાથી હરખ-શોક મટે, તો આપણે એ જ્ઞાન પાકું કર્યુ કહેવાય.

(૩) **શુદ્ધ :** આત્મા શુદ્ધ છે. તેમાં કોઈ પ્રકારનું બંધન નથી. અશુદ્ધ નથી. મન અશુદ્ધ થાય, અંતઃકરણ અશુદ્ધ થાય પણ આત્મા અશુદ્ધ થતો નથી એવું દ્રઢ જ્ઞાન કરવું. જેમ આકાશ કદી મેલું થાય નહીં એમ આત્મા કદી મેલો થતો નથી એ શુદ્ધ જ રહે છે.

**"શુદ્ધ-બુદ્ધ નિજ રૂપ નિહાળી, અખંડ આનંદ અનુભવતો જા,**
**આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા."**

(૪) **એક :** આ બધામાં જે દેખાય તે શરીર, ન દેખાય એટલે આત્મા જુદો દેખાય હજાર પાણીના કુંડામાં ચંદ્ર જુદો-જુદો દેખાય પણ ચંદ્ર તો એક જ છે. એમ હજારો શરીરમાં જુદા-જુદા ચૈતન્ય દેખાય પણ બધામાં એક જ ચૈતન્ય છે એવું જ્ઞાન હોય એને શાસ્ત્રીય જ્ઞાન કહેવાય. એક જ સત્ છે માયા દ્વારા જુદા દેખાય છે. એક જ સત્‌ને બ્રાહ્મણો જુદા-જુદા નામથી બોલાવે છે. એટલે એક જ આત્મા બધામાં છે.

**"મમાત્મા સર્વ ભૂતાત્મા તસ્મૈ શ્રી ગુરવે નમઃ"**
**" આત્મા સૌનો એક જાણી કોઈને દુઃખ ન દેવું રે.**
**સુખ દુઃખ સહેજે આવે તે સહીને રહેવું રે."**

આ આત્માના ચોથા લક્ષણ દ્વારા રાગ દ્વેષ મટી જાય.

(૫) **ક્ષેત્રજ્ઞ :** ક્ષેત્રજ્ઞ એટલે ચેતન આત્મા, જડ હોય એ અનાત્મા છે. હું ચેતન આત્મા છું. એવું દ્રઢ કરો તો તમારો મોક્ષ થઈ જાય. કેમ કે ચેતનને બંધન નથી. બંધન જડને છે. તમે કોઈના શરીરને ઘરમાં પૂરી શકો, દોરડે બાંધી શકો પણ આત્મા કોઈનો પકડાતો નથી એટલે આત્મા અસંગ છે.

**"અહં નિર્વિકલ્પો નિરાકાર રૂપો**
**વિભૂર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણિ,**
**સદા મે સમત્વં ન મુક્તિ ર્ન બંધઃ**
**ચિદાનંદરૂપઃ શિવોૈહં શિવોહમ્."**

કે હું ચૈતન્ય આનંદરૂપ આત્મા છું. ચેતન હોવાથી મને કોઈ બંધન નથી. એવું હંમેશા દ્રઢ કરવું જોઈએ.

(૬) **આશ્રય :** આત્મા શરીરનો આધાર છે. શરીરને આધારે નથી. અજ્ઞાની જીવો એમ સમજે કે શરીરમાં આત્મા છે. શરીર ચાલ્યું જશે પછી આત્માનું શું થશે? એ ભ્રાંતિ ન કરશો. આત્મા તો પરમાત્માને આધારે હંમેશાં છે જ. શરીર છે ત્યારે આત્મા પણ છે ને શરીર નહીં હોય તોય આત્મા તો રહેવાનો જ. એટલા માટે શરીરનો આધાર છે. એનું નામ આત્મા એમ દ્રઢ કરો તો તમને શરીરની ગુલામી ન રહે શરીર કાળું હોય તોય શું? ને ધોળું હોય તોય શું? મારે એનો આધાર નથી. આત્માનો આધાર તો પરમાત્મા છે. શરીરનો આધાર આત્મા ને આત્માનો આધાર પરમાત્મા છે. **"તારે આધારે અમે જીવીએ ને,**
**કંઈ તારે આધારે બાંધ્યા પ્રાણ રે,**
**....આવેલ આશા ભર્યા."** (વધુ આવતા અંકે) ૨૪૩

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

ગતાંકથી ચાલુ

**શિષ્ય : અષ્ટપુરીમાં સત્તાવીસ તત્વનો સૂક્ષ્મ દેહ તમે કહ્યો તે અષ્ટપુરી કોને કહેવાય તે કહો ?**

**ગુરુ :** પાંચ જ્ઞાનેદ્રિયોનું એક પુર, પાંચ કર્મેન્દ્રિયોનું બીજુ પુર, ચાર અંતઃકરણનું ત્રીજુ પુર, પાંચ પ્રાણનું ચોથું પુર, પાંચ મહાભૂતનું પાંચમું પુર, અવિદ્યાનું છઠ્ઠું પુર, કામ સાતમું પુર અને કર્મ આઠમું પુર છે. એ આઠપુરી મળીને સતાવીસ તત્ત્વો થાય છે તે સર્વ તત્વનો તું દૃષ્ટા છે ને તે તત્ત્વો દૃશ્ય જડ વિકારી અને અનાત્મ છે.

તે તું નહિ તું કોશત્રયથી ભિન્ન છે. એ પ્રમાણે કોશમયરૂપ સૂક્ષ્મદેહ જ્યારે તું નહિ ત્યારે તું કર્તા-ભોક્તા નહિને સુખ-દુઃખ પણ તારામાં નથી. અંતઃકરણમાં છે. સાંભળવું જોવું આદિ ધર્મ જ્ઞાન ઈન્દ્રિયોના છે. બોલવું, લેવું, દેવું ઈત્યાદિ કર્મ કર્મેન્દ્રિયોના ધર્મ છે. ક્ષુધા, તૃષા, આદિ પ્રાણના ધર્મ છે. એ સર્વ તારામાં નથી. ને તે એ ત્રણે કોષથી જુદો અસંગ સાક્ષી આત્મા છે. એ રીતે સૂક્ષ્મદેહના કોષ્ટકમાં જે નવ પ્રક્રિયા નિરૂપણ કરી તે પ્રક્રિયાનું વિવેચન બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના ઉપદેશથી સમજીને તે સૂક્ષ્મ દેહથી વિલક્ષણ હું સદ્દ્દય, ચિદ, આનંદરૂપ, અકર્તા, અભોક્તા, અસંગ આત્મા છું. એમ નિશ્ચય કરી ભૌતિક તથા અનાત્મા જે સૂક્ષ્મદેહ તેમાંથી અહંતા મમતાનો ત્યાગ કરવો.

**ચોપાઈ :** સ્વપ્ન અવસ્થા કંઠ સ્થાન
મધ્યમા વાચા પ્રવિવિક્ત ભોગ જાણ;
જ્ઞાનશક્તિ સત્ત્વગુણ માન,
ઉકારમાત્રા તૈજસ અભિમાન

**● આત્માની ભિન્નતા ●**

એમ મળીને તત્ત્વ તેત્રીસ જાણ,
તું એના દૃષ્ટા છો, સુજાણ
તું એ દૃશ્ય તત્વો નહિ હોય,
ભિન્ન ભિન્ન વિચારો જોઈ.

**● ઘટનો દાખલો ●**

**દોહો :** ઘટ દૃષ્ટા જ્યાં ઘટ નહિં હોય
પ્રગટ હી ન્યારો દેખ :
ત્યાં દેહ દૃષ્ટા તું આત્મા,
ન્યારો ભિન્ન વિશેષ

**● કારણ દેહનું નિરૂપણ ●**

**ચોપાઈ :** ત્રીજો કારણ દેહ અજ્ઞાન
તેનો તું દૃષ્ટા પોતે સ્વરૂપજ્ઞાન;
તેથી વિલક્ષણ તું આત્મા જાણ,
તે તું નહિ અનુભવ પ્રમાણ.

**● કારણ દેહથી આત્માની ભિન્નતા ●**

**ગુરુ :** હે ભાઈ ! ત્રીજા કારણ દેહરૂપ અજ્ઞાનનો ત્રણ પ્રકારે તું દૃષ્ટા છે.

**શિષ્ય : કયા ત્રણ પ્રકારથી હું અજ્ઞાનને જાણું છું તે કહો ?**

**ગુરુ :** પ્રથમ તું એમ કહે છે. સ્થૂલ તથા સૂક્ષ્મ દેહને હું જાણું છું. પણ હું મને જાણતો નથી. જે હું કોણ છું તેનું નામ જ અજ્ઞાન તે અજ્ઞાનનો તું દૃષ્ટા છે. હું મને જાણતો નથી. એવું કહેવું તે જ્ઞાન વિના બને નહિ અને હું મને નથી જાણતો એવું જેણે જાણ્યું તે જ તું જ્ઞાનરૂપ છે. જ્ઞાન વિના એવું જાણવું તથા કહેવું સંભવે જ નહિ. અને જો તું જ્ઞાનરૂપ ન હોય ને અજ્ઞાની જડરૂપ હોય તો હું મને નથી જાણતો એવું કહેવું તારાથી કેમ બને ?

**● સુષુપ્તિ આદિ કારણ દેહના આઠ તત્ત્વો ●**

સુષુપ્તિ અવસ્થા હૃદય સ્થાન,
પશ્યતિ વાચા આનંદ ભોગ જાણ;
દ્રવ્ય શક્તિ તમો ગુણ માન,
મકાર માત્રા પ્રાજ્ઞ અભિમાન.

**“કારણ દેહની સુષુપ્તિ અવસ્થા છે.”**

## ● સુષુપ્તિ અવસ્થાનું નિરૂપણ ●

**શિષ્ય :** ઈન્દ્રિય આદિ સર્વ વૃત્તિઓ સંયુક્ત બુદ્ધિ જે વખતે કારણ અજ્ઞાનમાં લયની પેઠે રહે છે તે જાગ્રતનો તથા સ્વપ્નનો ભિન્ન ભિન્ન વ્યવહારમાં જરાપણ પ્રતીત થતો નથી એવી જે ગાઢ નિંદ્રા છે તેનું નામ સુષુપ્તિ અવસ્થા છે. એમ શ્રુતિમાં પણ સુષુપ્તિ અવસ્થાનું સ્વરૂપ કહું છું. જે વખતે નિદ્રામાં સૂતો છે તે વખતે કાંઈપણ શબ્દાદિક વિષયની કામના કરતો નથી અને કાંઈ સ્વપ્ન પણ દેખાતો નથી. તેનું નામ સુષુપ્તિ અવસ્થા તે સુષુપ્તિનો તું દૃષ્ટા છે. કેમ કે સુષુપ્તિથી જ્યારે તું જાગે છે ત્યારે તું એમ કહે છે કે હું સુખે સુતો હતો અને કાંઈ જાણતો ન હતો. એવી રીતે સ્મૃતિ થાય છે. એમ જણાય છે કે સુષુપ્તિ અવસ્થામાં સુખ છે. અને બીજું કંઈ નથી તે તો તે સુષુપ્તિ વખતે અનુભવ કરવાવાળો તું આત્મા છે. તો જ જાણીને એમ કહે છે. પણ સુષુપ્તિ વખતે સુખનો તથા પ્રપંચના અભાવનો અનુભવ કર્યો હોય તો જાણીને હું આજે સુખે સુતો હતો. મેં કાંઈ બીજું જાણ્યું એમ કહેવાત નહિ અને શાસ્ત્રમાં એવો નિયમ કહ્યો જેનો અનુભવ કર્યો હોય તેની સ્મૃતિ થાય છે. જેમ કોઈ પુરૂષ કાશી ગયો હોય અને ત્યાં કાશીમાં વિશ્વનાથનું મંદિર તથા ગંગાનો મણિકર્ણિકાના ઘાટનો અનુભવ કરેલ વિશ્વનાથનું મંદિર ત્યાં મણિકર્ણિકાનો ઘાટ તે સ્મરણમાં આવે છે. તેમજ સુષુપ્તિમાં સુખ છે. અને બીજું કાંઈ નથી. તેનો અનુભવ કર્યો છે તો જ જાગીને કહે છે.

## ● સુષુપ્તિ અવસ્થાથી જુદો આત્મા ●

**દૃષ્ટાંત બીજું :** જેમ રાત્રીને સમયે ચોકીદાર સિપાઈ રસ્તા ઉપર ઉભો હોય તેને સવારે કોઈ મનુષ્યે પૂછયું કે હે સિપાઈ રાત્રીના બાર ઉપર બે વાગ્યાના સમયે રસ્તા ઉપરથી કોઈ જતું હતું ત્યારે સિપાઈ એમ કહે છે કે તે વખતે કોઈ હતું નહિ તે કહેવાથી એમ જણાય છે કે કોઈ ન હતું તેને જાણવાવાળો સિપાઈ તો હતો જ તે કહે છે અને જો સિપાઈ પોતે જ તે વખતે ન હોય તો કોઈ ન હતું એમ કહેવાય નહિ તેમ નિંદ્રા વખતે મેં કાંઈ ન જાણ્યું એમ જાગીને કહે છે. તેથી નિંદ્રા વખતે કોઈ દ્વૈત પ્રપંચ નથી. પણ તે પ્રપંચનાં અભાવને જાણવાવાળો પોતે આત્મા છે એમ સિદ્ધ થાય છે.

## ● સુષુપ્તિમાંનો અનુભવ નથી કહેવાતો ●

**ગુરુ :** જે વખતે સુષુપ્તિ અવસ્થા છે તે વખતે સર્વ ઈન્દ્રિયો તથા મન બુદ્ધિ આદિ અંતઃકરણ અજ્ઞાનમાં લય થયો છે. તેથી તે વખતે થતો અનુભવ કહેવાને વાણી આદિ (સાધન) નથી. માટે કહેવાનું બનતું નથી. તેમ જેની પાસે કહેવું તે સાંભળવાવાળો બીજો કોઈ પુરુષ સુષુપ્તિમાં છે નહિ. તેથી તે વખતે કહેવું બનતુ નથી. જાગીને કહેવાય છે.

## ● કારણદેહનાં તત્ત્વોથી આત્માની ભિન્નતા ●

એ કારણ દેહના આઠ તત્ત્વ કહી,
બીજા તત્ત્વ એમાં નહિ;
તું એનો સાક્ષી સચ્ચિદાનંદ,
નિત્ય નિરંતર પરમાનંદ

**ગુરુ :** પોતાના ઈષ્ટ (ગમતા) જે પદાર્થો તેમને દેખીને જે આનંદ થાય છે તે મને પ્રિય કહેવાય છે. તથા તે ગમતા પદાર્થનો લાભ થયાથી જે આનંદ થાય છે. તેને મોદ કહેવાય છે અને ગમતા પદાર્થને ભોગવ્યાથી જે આનંદ થાય છે તેને પ્રમોદ કહેવાય છે. એ રીતે વિષયના સંબંધથી પ્રિય, મોહ અને પ્રમોદરૂપ ત્રણ પ્રકારની જે વૃત્તિ થાય છે. તેને આનંદમય કહેવાય છે તે વિષય જન્ય આનંદથી શુદ્ધ નિર્વિકાર આનંદરૂપ આત્મા જાણતો નથી અને ઢંકાયો છે તેથી તે પ્રિય આદિ ત્રણ પ્રકારના આનંદ યુક્ત અવિદ્યામાં મલિન સત્ય છે. તેથી આનંદમય કોષ એવી સંજ્ઞા છે તે આનંદમય કોષનો પ્રકાશક સર્વ આનંદનો મૂળભૂત આનંદરૂપ તું આત્મા છે. તે કોષરૂપ નથી અને તું આત્મા એ કારણ દેહના તત્ત્વોના નિત્ય નિરંતર (ભેદ રહતિ) નિરતિશય જેથી કોઈ અધિક નથી એવો પરમ આનંદરૂપ છે તથા આનંદમય કોષનો સાક્ષી છે અને તું સચ્ચિદાનંદ છે. સત્, ચૈતન્ય અને આનંદ.

(ક્રમશઃ) વધુ આવતા અંકે...

# સવારમાં ઊઠતાં પહેલાં મનને સમજાવો

ધ્રુવી વિપુલભાઈ સોનાણી (રતનપર)

સવારના પહોરમાં ઊઠીએ કે તરત પૂછીએ કે કોણ જાગ્યું? એટલે સમજાશે કે મન ઊઠ્યું અને તે મને શરીરને જાગ્રત કર્યું, ત્યારે ''હું' શું કરતો હતો? ''હું'' ''સાક્ષી'' થઈને મન અને શરીરની ક્રિયાઓ જોયા કરતો હતો. અને હું જેમનો તેમ નિર્વિકાર, નિર્વિકલ્પ, નિરાકાર વગેરે શરીર, મન વગેરે ભાવોથી પર હતો, છું અને રહેવાનો. જાણતો ન હતો ત્યારે અને જાણું છું ત્યારે પણ એકસરખો રહ્યો છું. આ અનુભવની કોઈ ના પાડી શકે એમ છે? જાગતા હોઈએ છીએ ત્યારે ''હું'' ''હું'' ઠોકી બેસાડી હેરાન થઈએ કે સુખી થઈએ તે કોણ મના કરી શકે? આપણે પોતે જ સુખદુઃખને ઉત્પન્ન કરી પોતે જ અનેક જાતની કલ્પના કરીએ છીએ. એમાં દોષ કોનો? આપણો પોતનો જ.

વળી એ મનને સમજાવવું કે, 'હે મનજીભાઈ! અત્યાર પહેલાં તું કેવો શાંતસ્વરૂપ, આનંદસ્વરૂપ અને સુખસ્વરૂપ હતો! વિચાર ઊઠ્યો તે તું બીજે સ્વરૂપે બન્યો. એથી જ તું હેરાન થયો માટે તું બીજો ન બન, સંકલ્પ-વિકલ્પ ઊઠે છે અને બીજો બને છે.'' માટે જે સંકલ્પ ઊઠે તેને કહેવું કે, તું મારાથી જુદો ક્યાં છે કે, હું તારો વિચાર કરું? જેમ આંખ-નાક જુદાં નથી તેથી તેનો વિચાર પણ નથી આવતો; જ્યારે આંખ કે નાકમાં કંઈ દરદ થાય છે ત્યારે જ તેનો જ વિચાર આવે છે, માટે બીજાનો વિચાર કરવો એટલે તેને દુઃખી કરવાં કે ઈચ્છવાં અથવા તેને પોતાનાથી અળગાં માનવાં. તો તમે એ રીતે અલગ ન પડશો. જેવા તમે છો તેવી જ આખી દુનિયા છે, એ વિચારપૂર્વક નિહાળી નિહાળીને આનંદ લૂંટ્યા કરો. આમ કરશો એટલે બધા રોગો, દુઃખો વગેરે અદશ્ય થવા માંડશે.

જેમ મહાભારતની લડાઈના આરંભમાં અર્જુન શ્રીકૃષ્ણ પરમાત્માને ધર્મનો માર્ગ પૂછે છે, તેમ આપણી અંદર પણ પ્રાતઃકાળમાં ઊઠીએ કે તરત શુભ-અશુભ વૃત્તિઓનું યુદ્ધ શરૂ થવા માંડે તે પહેલાં, આપણે પોતે આપણા અંતરાત્માને પૂછીને તેની પાસેથી સાફ સાફ રસ્તો મેળવી લઈએ આપણે અનુભવને ઓળખીને આનંદ કરીએ અને કરાવીએ. જગતના કડવા અનુભવોથી કંટાળીએ નહિ, પણ એ કડવા અનુભવો પરમાત્માના માર્ગે ચડવાની સીડીનાં પગથિયાં છે એમ સમજી તેમાંથી શીખતા રહીએ. સંસાર તો એનો એ જ છે. રામાયણ, મહાભારતકાળમાં જેવા લોકો અને જેવો માનવસ્વભાવ હતો, તેવો ને તેવો અત્યારે પણ છે જ, જરાતરા ડિગ્રીમાં (પ્રમાણમાં) ફેરફાર હોય તો હોય. મને જે મળ્યું છે તે બહુ સારું મળ્યું છે, એ વિચારમાં જ માણસની ઉન્નતિ છે, એમ દરેક જણે સમજી લેવાનું છે. આમ કેમ ન મળ્યું? આવું કેમ ન મળ્યું? આમ થાત તો સારું અને તેમ હોત તો સારું તે વિચારો જ અસ્થાને છે. એમ નથી એ જ વાત સાચી છે. માટે મળ્યું હોય તેનો સારો સદુપયોગ કરી લઈએ. કોઈને દોષ દેવા જેવું નથી; છતાં દેવાઈ જાય છે તો એ દોષની જડ આપણા મનમાં જ ક્યાંક રહી જશે. એનો વિચાર કરી તે નિવારવા પ્રયત્નશીલ રહીએ. આપણે ઘણી સારી સ્થિતિમાં મુકાયા છીએ, એમ વિચારી આનંદ કર્યા કરીએ, એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. આપણા કોઈ પણ કામમાં શિથિલતા ન હોય, ન હોવી જોઈએ. જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી કર્મ તો રહેવાનું જ, કામ કરવું એ તો કર્મ છે જ, પણ કામ ન કરવું એ પણ કર્મ છે જ; તો શું કરવું એ તમારી મેળે જ સમજી લેશો.

આપણું કામ તો એવું કે, જરા પણ સમય મળ્યો કે તેનો સદુપયોગ કરી લઈએ. આમ જોઈએ તો જીવનના છેડા સુધી કોઈ પરવાર્યું નથી અને પરવારવાનું નથી. આપણો દરરોજનો જીવનક્રમ ચાલતો હોય તેમાંથી થોડી થોડી વારે સંધ્યા કરતા રહીએ એટલે કે પરમાત્મા-પ્રભુ સાથે જોડાણ કરતા રહીએ. આપણા હિતચિંતક ઋષિમુનિઓ તો ત્રિકાલ-સંધ્યા કરવાનું લખી ગયા છે પણ આપણે તો સુધરેલા જમાનામાં રહ્યા એટલે તેના ઉપર સુધારોવધારો કરી શકીએ. આપણે ત્રણથી વધારે વખત સંધ્યા કરીએ તો તેમાં ખોટું થવાનું નથી, જ્યારે વધારે સમય મળે ત્યારે લાંબી સંધ્યા કરીએ અને ન મળે તો બે-બે, પાંચ-પાંચ મિનિટની પણ દસ-બાર વખત સંધ્યા કરી લઈએ. કલાકે કલાકે માત્ર એકાદ

બે મિનિટ ''હું કોણ છું?''નો વિચાર કરી લેવો. હું તો બધી જ શાંતિ-અશાંતિ જાણવાવાળો છું, મને એ શાંતિ-અશાંતિ સ્પર્શ કરી શકતી નથી.

સવારના પહોરમાં ઊઠીએ ત્યારથી તપાસતા રહેવું આપણી સાત્ત્વિકી વૃત્તિ ઉત્પન્ન થઈ, પછી રાજસી ઉત્પન્ન થઈ. એટલે સાત્ત્વિકીનો લય અને રાજસીની ઉત્પત્તિ એ બંને અવસ્થાને જાણનાર ''સાક્ષી'' રૂપે આપણે ઊભા રહ્યા છીએ. ત્યારે એ બંને વૃત્તિની વચ્ચે શાંતરૂપે જે અનુભવનાર છે, તે જ સાક્ષી યાં ''પરમાત્મા'' આપણું સ્વરૂપ છે. આ પ્રમાણેના વિચારથી સ્વરૂપનો અનુભવ જલદી થાય છે.

આપણે ગમે ત્યાં હોઈએ, ગમે તેવા સંજોગોમાં હોઈએ છતાં વિચારવું કે આપણે તો આપણામાં જ છીએ. એ પછી જોઈશું તો, જ્યાં જોઈશું ત્યાં આપણે જ આપણે દેખાયા કરીશું. વિરુદ્ધ સંજોગોમાં પણ આનંદ જ દેખાયા કરશે. આપણે આપણી જાતને ભૂલવી ન જોઈએ. આપણી આસપાસ ગમે તેટલી વાતો ચાલતી હોય પણ તેમાંથી આપણે ઉપયોગી વાતો જ ગ્રહણ કરી લેવી અને બીજી વાતો ઉપર ધ્યાન જ ન આપવું. સંસારમાં શરીર, વાણી અને મન સેવાનિમિત્તે મળ્યાં છે, તે વડે અંતઃકરણપૂર્વક સેવા કરીએ. જેટલી ઉપાધી જાતે વહોરીએ તેટલો બોજો વધે; માટે નવી ઉપાધિ વહોરવી નહિ. વાતો સાંભળવામાં વાંધો નથી, પણ તેમાં ચિત્તને પરોવેલું રાખવું એ જ દુઃખદાયક છે. ચિત્ત તો પોતાના સ્વરૂપમાં જ રહેવું જોઈએ. પોતે સર્વ રૂપે છે. પોતે પોતાનાં સ્વરૂપોની સેવા કરી રહ્યા છો, પછી એમાં રાગદ્વેષ શો? જ્યાં દેહને સાચો માન્યો, હું આટલો જ દેહ છું એમ થયું કે, સુખદુઃખના ફંદામાં ફસ્યા સમજો. પરમાત્મા-પ્રભુ એ જ સત્ય છે, તે સિવાયનું બીજું બધું નકામું છે એમ વિચારી આનંદ લૂંટો અને બીજાને લૂંટાવો.

આપણી પાસે ચોવીસ કલાક પરમાત્મા રહે છે એવી દઢતા હોવાથી બધું જ સીધું ચાલ્યા કરવાનું. અરે, આપણે પોતે જ તે સાક્ષાત્ પરમાત્મા છીએ. કેટલો આનંદ થાય છે? આ તો આપણે પ્રભુ થઈ જુદાં જુદાં રૂપ ધારણ કરીને પાઠ ભજવીએ છીએ. થોડી થોડી નડતર તો આવશે જ. ન જ આવે તો જગત કેમ કહેવાય? માટે જે થોડુંઘણું થાય તે સહન કર્યે જ છૂટકો. આમ પ્રાતઃકાળે ઊઠતાં જ વિચારી મનને હંમેશાં પ્રફુલ્લિત અને આનંદમાં રાખો. ■

## વિવેક ચુડામણી

**કિરણ મહેશભાઈ ભરોડીયા (પાલડી)**

ગુરુનો પરિચય આપતાં શંકરાચાર્યજી આગળ વર્ણવે છે કે ગુરુ 'अवृजिनः' અર્થાત્ નિષ્પાપ હોવા જોઈએ. અત્રે પ્રશ્ન એ થાય છે કે ગુરુ તો પાપી હોઈ શકે જ નહીં તો પછી તેમને નિષ્પાપ હોવાનું શા માટે જણાવ્યું હશે ? અત્રે પાપનો અર્થ દુષ્કૃત્ય નહીં પરંતુ મોટામાં મોટું પાપ એ અજ્ઞાન છે તે અર્થમાં નિષ્પાપ અર્થાત્ અજ્ઞાનરહિત જણાવાયું છે. ગુરુનું અન્ય લક્ષણ દર્શાવતા જણાવાયું છે કે ગુરુ 'अकामहतः' અર્થાત્ કામનાઓથી મુક્ત હોવા જોઈએ. જેની પાસે જે હોય તે જ બીજાને આપી શકે. જે વ્યક્તિ સ્વયં કામનાથી મુક્ત થયો હોય તે જ અન્યને પણ નિષ્કામ બનાવી શકે તથા જે સ્વયં મુક્ત હોય તે જ બીજાને મુક્તિનો સંદેશ આપી શકે. માટે જ કહ્યું છે કે 'स्वयं तीर्णः परान् तारयति' જે પોતે તરેલો હોય તે જ બીજાને તારી શકે. આમ, જે અશાંત હોય તે બીજાને અશાંતિ સિવાય કંઈ પણ આપી શકે નહીં પરંતુ જે વ્યક્તિ શાંત હોય તે અન્યને પણ શાંતિ બક્ષે છે. તેથી જ અત્રે જણાવ્યુ છે કે ગુરુ નિષ્કામ હોવા જોઈએ કે જેથી શિષ્યની વાસનાને પણ નિર્મૂળ કરી શકે. આવા નિષ્કામ, નિષ્પાપ, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના સ્વભાવને જણાવતાં તેમને બળતણ વગરના અગ્નિની ઉપમા આપી જણાવ્યું છે કે 'सः निरिन्धनः अनलः इव शान्तः ।' તે ગુરુ બળતણ વગરના અગ્નિ જેવા શાંત સ્વભાવના હોય છે. બ્રહ્મનિષ્ઠ ગુરુનું મન બ્રહ્મચિંતનમાં જ રમણ કરતું હોય છે. તેવા આત્મરત નિર્ગુણ બ્રહ્મમાં સ્થિત હોવાથી, ચિત્ત નિર્વિકાર

અવસ્થાને પ્રાપ્ત થયેલું હોવાથી, શાત સ્વભાવવાળા હોય છે. પરંતુ તેમના શાંત સ્વભાવને ઈંધણ વગરના અગ્નિ સાથે સરખાવી અત્રે શંકરાચાર્યજી સંકેતે છે કે બળતણ વગરનો અગ્નિ ઉપર-ઉપરથી રખિયાવાળો પરંતુ અંદરથી પ્રજવલિત તથા દાહ પમાડે તેવો હોય છે. તેવી રીતે જ્ઞાની ગુરુ પણ ઉપર-ઉપરથી સૌમ્ય અને દેખાતા હોવા છતાં તેના અંતરમાં જ્ઞાનની જ્વાળા પ્રજ્વલિત હોય છે. આ જ દૃષ્ટાંતને અન્ય રીતે વિચારતા એમ પણ કહી શકાય કે ઉપર-ઉપરથી શાંત છતાં અંદરથી દઝાડે તેવા અગ્નિ જેવો સ્વભાવ અર્થાત્ તે જ્ઞાની ગુરુની એક આંખમાંથી જ્ઞાનામૃતની સરિતા વહેતી હોય અને જરૂર પડે તો શિષ્યના અંતઃકરણમાં રહેલાં દોષોને નિર્મૂળ કરવા બીજી આંખમાંથી શિસ્તપાલનનો અગ્નિ પણ ઝરતો હોય. ત્રીજા દૃષ્ટિકોણથી વિચારતાં સમજી શકાશે કે બહાર દેખાતાં આરોપિત સત્ત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણોને ઉપાધિ સહિત જેણે ભસ્મીભૂત કરી નાંખ્યા છે, તેની રખિયા બહાર આવે છે તથા જેના વડે ત્રણે ગુણોને ભસ્મ કર્યા છે તેવા જ્ઞાનનો દીપક તેની અંદર પ્રજ્વલિત છે. આવા જ્ઞાની ગુરુ અહેતુક, નિષ્પ્રયોજન કે અકારણ અન્ય મુમુક્ષુ કે જિજ્ઞાસુ પ્રત્યે દયા વરસાવતા હોય છે. જે સ્વયં પરમાત્માની કૃપાનું પાત્ર બની ઈશ્વરની કૃપાથી નીતરતો હોય છે તે અન્યને પણ પ્રભુના પ્રેમનો અભિષેક કરાવતો, અકારણ દયા દર્શાવતો હોય છે. આવા, દયાના સાગર તરીકે ગુરુને વર્ણવી શંકરાચાર્યજી એવું પણ ઉદ્બોધે છે કે, ગુરુ પાસે દયાની કમી હોતી નથી પરંતુ સાગરમાં જેમ પાણી કદાપિ સૂકાતું નથી તે હંમેશા પાણીથી છલકાતો જ રહેતો હોય છે. તેવા અંદરથી ઊંડાણમાં ધીર-ગંભીર છતાં બહારથી મોજાંઓનું હલનચલન દર્શાવતા સાગર સાથે ગુરુને સરખાવે છે. તેનું તાત્પર્ય તો એ છે કે, ગુરુનું જીવન સદાને માટે અન્ય ઉપર કરુણા કરવા તત્પર હોય છે. આમ, અન્યના કલ્યાણાર્થે ક્રિયા કરતાં દેખાવા છતાં અંદરથી કર્તાભાવરહિત અક્રિય તથા શાંત હોય છે. સંસારબંધનથી ત્રાસેલા, દુઃખના દાવાનળથી દાઝેલા તમામ અબુધજનોના અજ્ઞાનના નિવારણ માટે આવા જ્ઞાની હંમેશા નિઃસ્વાર્થભાવે તત્પર રહે છે.

આ પ્રમાણે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, નિષ્પાપ, નિષ્કામ, શાંત અને અકારણ દયાના સાગર એવા ગુરુ સમીપ વિનમ્રભાવે જઈ તેમની ભક્તિપૂર્વક સેવા-શુશ્રૂષા કરી, તેમને પ્રસન્ન કરી, તેમની શરણાગતિ સ્વીકારી પોતાને મૂંઝવતા કે પછી પોતાનું અજ્ઞાન દૂર થાય તેવા પ્રશ્નો પૂછવા જોઈએ. ગુરુની સેવા કરી સૌ પ્રથમ તેમની સાથે આત્મીયતાનો નાતો જોડવો આવશ્યક છે. જો આમ થશે તો જ ગુરુ સાથેનો સંવાદ શક્ય બનશે. સેવા દ્વારા તેમના સાંનિધ્યમાં આવવાથી જ ગુરુને શિષ્યના અધિકારની જાણ થાય છે અને તો જ તેવા શિષ્યના અધિકારને ધ્યાનમાં લઈ તે પ્રમાણેનો ઉપદેશ ગુરુ તેને આપી શકે. પરંતુ ગુરુની સેવા એટલે શું તે સ્પષ્ટપણે જાણી લેવું જોઈએ. માત્ર બાહ્ય આચાર કે પછી વાક્પટુતા દ્વારા ગુરુને પ્રસન્ન કરી શકાશે નહીં. તેમની આગળ-પાછળ રહી માત્ર તેમને ખુશ કરવાના પ્રયત્નો જો થશે તો ગુરુને છેતરતાં પૂર્વે સ્વયં શિષ્ય જ પોતાના અજ્ઞાનજન્ય અહંકારથી જાતે જ છેતરાઈ જશે. તેમ ન થાય તે માટે શિષ્યે, ગુરુ જે કંઈ ઉપદેશે, જે કંઈ આદેશ આપે અથવા તો જે કંઈ વાત કરે તેને બ્રહ્મવાક્ય સમજી, ગુરુઆજ્ઞા જાણી, તેમના દ્વારા અપાયેલા આદેશો તથા ઉપદેશોને શિરોમાન્ય કરી, તે પ્રમાણેનું વર્તન કરવું તે જ સાચી ગુરુસેવા છે. તત્ત્વાર્થે તો સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી બની મોક્ષમાર્ગે પ્રયાણ કરી આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત કરવું તે જ ગુરુની સાચી સેવા છે. પરંતુ જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત ન થાય, ચિત્તશુદ્ધિ ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી ગુરુ જેમ કહે તેમ કરવામાં જ શિષ્યનું શ્રેય રહેલું છે. આમ, ગુરુસેવા દ્વારા ગુરુ સાથેના સંવાદનો નાતો પ્રસ્થાપિત કરી સ્વયંનું અજ્ઞાન દૂર થાય તે સંદર્ભે પ્રશ્નો પૂછવાનો પ્રયત્ન કરવો. ■

માણસમાત્રની અંદર સ્વાભાવિક રીતે જ એક જ્ઞાન એટલે કે વિવેક છે. સાધકનું કામ એ વિવેકને મહત્ત્વ આપવાનું છે. એ વિવેક પેદા નથી થતો. જો તે પેદા થતો હોત તો નષ્ટ પણ થઈ જાત; કેમ કે પેદા થનારી દરેક ચીજ નષ્ટ થવાવાળી હોય છે. આ નિયમ છે. આથી વિવેકની ઉત્પત્તિ નથી થતી, પરંતુ જાગૃતિ થાય છે. જ્યારે સાધક પોતાની અંદરના એ આપમેળે સિદ્ધ થયેલ વિવેકને મહત્ત્વ આપે છે, ત્યારે તે વિવેક જાગ્રત થઈ જાય છે. એને જ તત્ત્વજ્ઞાન અથવા બોધ કહેવામાં આવે છે.

માણસમાત્રની અંદર આપોઆપ એ ભાવ રહે છે કે હું જીવતો રહું, કદી મરું નહીં. એ અમર રહેવા માંગે છે. અમરતાની આ ઈચ્છાથી સાબિત થાય છે કે તે વાસ્તવમાં અમર છે. જો તે અમર ન હોત તો તેનામાં અમરતાની ઈચ્છા પણ ન હોત. જે પ્રમાણે ભૂખ અને તરસ લાગે છે તો એનાથી સાબિત થાય છે કે એવી વસ્તુ (અનાજ અને પાણી) છે, જેનાથી તે ભૂખ-તરસ શાંત થાય. જો અનાજ-પાણી ન હોત તો ભૂખ-તરસ પણ ન લાગત. આથી અમરતા સ્વતઃસિદ્ધ છે. અહીં એવી શંકા થાય છે કે જે અમર છે, તેનામાં અમરતાની ઈચ્છા શા માટે જાગે છે ? એનું સમાધાન એ છે કે અમર હોવા છતાં પણ જ્યારે તે પોતાના વિવેકને અવગણીને મરણધર્મી શરીરની સાથે પોતાને એક માની લે છે એટલે કે 'શરીર હું છું' એવું માની લીધું, ત્યારે એનામાં અમરતાની ઈચ્છા અને મૃત્યુનો ભય પેદા થઈ ગયો.

માણસમાત્રમાં એ વાતનો વિવેક હોય છે કે આ શરીર (સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણશરીર) મારું મૂળ સ્વરૂપ નથી. શરીર પ્રત્યક્ષ રૂપે બદલાય છે. નાનપણમાં જેવું શરીર હતું, તેવું આજે નથી અને આજે જેવું શરીર છે તેવું આગળ નહીં રહે. પણ હું તે જ છું એટલે કે નાનપણમાં જે હું હતો, તે જ આજે છું અને આગળ પણ રહીશ. આથી હું શરીરથી અલગ છું અને શરીર મારાથી અલગ છે એટલે કે હું શરીર નથી-આ સૌના અનુભવની વાત છે. તેમ છતાં પોતાને શરીરથી અલગ નહીં માનીને શરીરની સાથે પોતાને એકરૂપ માની લેવું એ પોતાના વિવેકનો અનાદર છે, અપમાન છે, તિરસ્કાર છે. સાધકે પોતાના આ વિવેકને મહત્ત્વ દેવાનું છે કે હું તો નિરંતર રહેવાવાળો છું અને શરીર મરવાવાળું છે. એવી કોઈ ઘડી નથી જેમાં શરીર મરતું ન હોય. મરવાના પ્રવાહને જ જીવવું કહે છે. એ પ્રવાહ પ્રગટ થઈ જાય તો તેને જન્મવું કહે છે અને અદૃશ્ય થઈ જાય તો તેને મરવું કહે છે. તાત્પર્ય એ છે કે જે હરઘડી બદલાય છે, તેનું જ નામ સ્થિતિ છે અને તેનું જ નામ મૃત્યુ છે. બાલ્યાવસ્થા મરી જાય છે, તો યુવાવસ્થા પેદા થઈ જાય છે અને યુવાવસ્થા મરી જાય છે તો વૃદ્ધાવસ્થા પેદા થઈ જાય છે. આ રીતે હરઘડી પેદા થવાને અને મરવાને જ જીવવું (સ્થિતિ) કહે છે. પેદા થવાનો અને મરવાનો આ ક્રમ સૂક્ષ્મ રીતે નિરંતર ચાલતો રહે છે. પણ આપણે પોતે હમેશા જેવા ને તેવા રહીએ છીએ. અવસ્થાઓમાં પરિવર્તન થાય છે, પણ આપણા સ્વરૂપમાં કદી સ્હેજમાત્ર પણ પરિવર્તન નથી થતું. આથી શરીર તો સતત

મૃત્યુમાં રહે છે અને હું નિરંતર અમરતામાં રહું છું-આ વિવેકને મહત્ત્વ આપવાનું છે.

ગીતામાં આવ્યું છે-

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય**
**નવાનિ ગૃહણાતિ નરોઽપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય**
**જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥**

માણસ જે રીતે જૂનાં વસ્ત્રો છોડીને નવાં વસ્ત્રો ધારણ કરી લે છે, તે જ પ્રમાણે દેહધારી જૂનાં શરીરને છોડીને બીજા નવા શરીરમાં ચાલ્યો જાય છે.''

જે પ્રમાણે જૂનાં વસ્ત્રો છોડવાથી આપણે મરી જતા નથી અને નવાં વસ્ત્રો ધારણ કરવાથી આપણે પેદા થતા નથી, તે જ પ્રમાણે જૂના શરીરને છોડવાથી આપણે મરી નથી જતા અને નવું શરીર ધારણ કરવાથી આપણે પેદા નથી થતા. તાત્પર્ય એ છે કે શરીર મરે છે, આપણે મરતા નથી. જો આપણે મરી જઈએ તો પછી પુણ્ય- પાપના ફળ કોણ ભોગવશે ? બીજી યોનિઓમાં કોણ જશે? બંધન કોનું થશે? મુક્તિ કોની થશે?

શરીર નાશવંત છે, એને કોઈ રાખી શકતું નથી અને આપણું સ્વરૂપ અવિનાશી છે, એને કોઈ મારી શકતું જ નથી-

**અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્‌।**
**વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ ॥**

(ગીતા ૨/૧૭)

અવિનાશી સદા અવિનાશી જ રહેશે અને વિનાશી સદા વિનાશી જ રહેશે. જે વિનાશી છે, તે આપણું સ્વરૂપ નથી. આપણે કફની પહેરી લીધી તો શું એ કફની આપણું સ્વરૂપ બની ગયું? આપણે ચાદર ઓઢી લીધી તો શું ચાદર આપણું સ્વરૂપ બની ગઈ? જે રીતે આપણે કપડાંથી અલગ છીએ, તે જ પ્રમાણે આ શરીરથી પણ અલગ છીએ. એટલા માટે આપણા મનમાં સતત આપમેળે એ વાત રહેવી જોઈએ કે હું મરવાવાળો નથી, હું તો અમર છું. **'અમર જીવ મરે સો કાયા'** જીવ અમર છે, કાયા મરે છે. જો આ વિવેકને મહત્ત્વ આપો તો મરવાનો ભય જતો રહેશે. જ્યારે આપણે મરતા જ નથી તો પછી મરવાનો ભય કેવો ? અને જે મરે જ છે તેને ટકાવવાની ઈચ્છા કેવી? આપણું બાળપણ નથી રહ્યું તો આપણે હવે બાળપણને લાવીને બતાવી નથી શક્તા; કારણ કે તે મરી ગયું, પણ આપણે તે જ રહ્યા. આમ શરીર સદા મરનારું છે અને હું સદા અમર રહેનારો છું-એમાં શું શંકા રહી? હવે માત્ર એ વાતનો આદર કરવાનો છે, એને મહત્ત્વ આપવાનું છે, એનો પોતે અનુભવ કરવાનો છે, માત્ર શીખવાનું નથી. જે રીતે પૈસા મળી જાય તો અંદરથી આનંદ આવવો જોઈએ અને જીવવાની ઈચ્છા તથા મરવાનો ડર નહીં રહેવો જોઈએ. કારણ કે જે વાતથી આપણું દુઃખ, બળાપો, સંતાપ, રડવાનું જતું રહે, તેના મળવાથી ચઢિયાતી બીજી કઈ આનંદની વાત હશે ! આવો લાભ તો કરોડો-અબજો રૂપિયા મળવાથી પણ થતો નથી. કારણ કે અબજો રૂપિયા મળી જાય, પૃથ્વીનું રાજ્ય મળી જાય તોપણ એક દિવસ એ બધું છૂટી જશે, આપણાથી વિખૂટું પડી જશે!

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ વસ્તડી, તા. વઢવાણ, સ્વ. ભૂપતસિંહ દલુભા ખેર (ઉ.૫૮) સંવત ૨૦૮૦ વૈશાખ વદ-૧૩ ને મંગળવાર તા. ૦૪-૦૬-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**''સચ્ચિદ્ આનંદ સર્વમાં ભરી રહ્યો ભરપૂર**
**દિન રજની રહે રંગમાં નીર્મળ વરસે નુર''**

ભજનમાં ગાયું છે-

**સત્સંગની શરણાઈ વાગી**
**સંતો એ અમને સુતા જગાડ્યા,**
**હું રે સુતી તી મારે ભવરે નીંદ્રામાં**
**સંતોએ અમને સુતા જગાડ્યા**

આપણે કેવા ભવની નીંદ્રામાં સુતા કે ભવની નીંદ્રા એટલે વહેવાર સગામાં કુટુંબમાં આ છે ભવની નીંદ્રા. આ બધુ કરવાનું પણ આમાંથી સમય કાઢીને પ્રભુનું ભજન કરવું જોઈએ. આજ મોટી ઊંઘ છે. પણ આ લાંબી ઊંઘમાંથી આપણને આપણા ગુરૂજીએ ઉઠાડ્યાને ભજન માર્ગમાં વાળ્યા. નહિતર તો મોહમાયાની નીંદ્રામાં ભર ઊંઘમાં સુતા હતા. આપણને ગુરૂજીએ સત્ શાસ્ત્રોનું જ્ઞાન કરાવ્યું અને અજ્ઞાનની ઊંઘ ઉડાડી દીધી ને જાગ્રત કર્યા છે. તો આપણાં જ સ્વરૂપનું આપણને અજ્ઞાન હતું. તે જીવ પણું કહેવાય અને એજ અજ્ઞાનની ઊંઘ કહેવાય. આવી અજ્ઞાનની ઊંઘ માંથી જીવને જગાડવા માટે ગુરુજીએ વિવેક કરાવીને માયાના મોહમાંથી જીવને જ્ઞાનની કેડીએ ચાલતા શીખવાડ્યાને વિવેકની વાડો બતાવી કેવો વિવેક કરાવ્યો, શું ખાવું, શું પીવુ નહિતરતો આપણે આપણી ફકીરી મોજ જ તો હતી જ હો ભાઈઓ. એટલા માટે ભજન માંથી મનને એક ક્ષણવાર નવરૂ ન થવા દેવું માટે આત્મજ્ઞાનને તલવારની ધાર જેવો કહ્યો છે. આત્મા સત્ય સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ છે, નિત્ય છે, અખંડ છે અને અવિનાશી છે. આત્મા જ આપણું મૂળ સ્વરૂપ છે. આત્માનો ક્યારેય નાશ નથી થતો. આ લોક અને પરલોકના વિષય બધા મિથ્યા છે. કાયમ રહેવાના નથી. આ સંસારમાં મનુષ્ય દેહ મળ્યો છે અને સાચા ગુરૂનું શરણું મળ્યું છે તો આ મળવું અતિ દુર્લભ છે. એવા સમર્થ સદ્ગુરુ આપણને મળ્યા છે. તેના શરણોમાં રહીને આત્મજ્ઞાનની જીજ્ઞાસા થવી જોઈએ. તો હવે શા માટે દૂર રહેવું કારણ કે ગુરૂજી તો ખરા મુકામ સુધી પહોંચડવાની કેડી સાચી બતાવી છે તો હવે પહોંચવાની તૈયારી કરી લેવી જોઈએ. આ સમય અતિ દુર્લભ છે પણ મળવો મુશ્કેલ છે. તો જરૂર જાગીને ગુરૂના શરણના અધિકારી બની જઈએ. ખોટા દોડધામ મૂકી દેવા ટીકા કુથલી ખોટી વાતોમાં તો ખૂબ ડાહ્યા છીએ. આ બધુ છોડી બસ સાચુ તે સાચુ ભલે બધા જે કરે, મારા તે ગુરૂજીના શબ્દ સવાલાખના છે. ગુરૂના ભજમાં એકનિષ્ઠા રાખીને બસ ભજન સાચુ સંતોના મુખમાંથી વહેતી ગંગધારને પ્રેમથી સાંભળી અને હૃદયમાં ઉતારવી જોઈએ. માન મોટપ છોડીને નાના બનીને સેવાના કામ કરવા જોઈએ. બધુ અભિમાન છોડી દેવું જોઈએ. બધે જ મારા ગુરુજી બિરાજમાન છે. તેવું હૃદયમાં રાખવુંને ગુરુના વચનમાં વિશ્વાસમાં સતત જાગૃત રહેવું જોઈએ. સંતો તો ખૂબ દયાળુ છે પણ જેવી આપણી જીજ્ઞાસા તે મુજબ આપણને આપે ભક્તિના દરેક આભૂષણો તો આપણી પાસે તો છે. જાગૃતિ તો જાણી છે.

**ધ્યાન ગરીબી બંદગી ક્ષમાશીલ સુજાણ**
**ઈતના લક્ષણ સાધકે કહે કબીર તું ધાર,**

કબીર સાહેબે સાખીમાં કહ્યું છે, આટલા લક્ષણ ધ્યાન, ક્ષમા શીલ સુજાણ ઓળખ આટલા લક્ષણોથી સાચી ભક્તિની ઓળખ છે. સંત સમાગમતો પૂર્વનાં યોગે કરીને મળે છે. માટે સમજુ ભક્તો જાગો ઉઠો અને ગુરુજીના શરણોમાં રહીએ બીજા કામમાં ભલે આળસ કરીએ પણ આ અમૂલ્ય લ્હાવો લઈએ અને મનુષ્ય જીવન સાર્થક કરીએ. આ જ્ઞાનરૂપી દીવો મળ્યો છે. તો જરૂર સત્સંગનો લાભ લઈએ. બધી આશાઓ ત્યજીને બસ એક ગુરૂ સ્વરૂપની આશ રાખીએ. ગુરૂતો નિર્મળ નીરની સરિતા છે. ત્યાં જઈએ તો વૃત્તિનો વાસ થાય ને વિષયોની તૃષા રહેતી નથી. માટે એકજ લક્ષ રાખીને મનને સ્થિર કરવું. એજ વંદનીય ગુરુજીના શરણોમાં જય સચ્ચિદાનંદ. ■

### મણકો ૫૪ મો : ''સત્સંગ જરૂર કરો, જીવનની નિરાશાઓ દૂર થશે.''

નિરાશા આવતા આપણે બીજા પાસે આશાનું કિરણ શોધીએ છીએ. આ બાબતમાં સૌથી સારું સમાધાન તો આપણી અંદર હોય છે, છતાં જો બહાર તેને શોધતા હોઈએ તો એક સ્થળે ચોક્કસ જવું જોઈએ, જેને સત્સંગ કહે છે. અહીંયા કંઈક એવું મળી જાય છે. જે જીવનની નિરાશાને દૂર કરે છે. નિવૃત્તિમાં શંકરાચાર્યજી સત્યમિત્રાનંદગિરિજીને કહે છે કે સત્સંગ કરતાં કરતાં વિચાર અને મનમાં કરૂણા જાગશે. સત્સંગ તમને સંસારમાં રહેવા છતાં ગૂંચવણમાં ફસાવા દેશે નહીં. સાધકને જ્યારે પણ પરમાત્મા પ્રત્યે ભાવોદ્વેગ જાગશે, તેનું જીવન ધન્ય બની જશે. આ ક્ષણ ત્યારે જ આવે છે જ્યારે તમારું મન સંવેદનશીલ હોય. સંવેદનાથી હૃદયનો ભાવ ઓગળે છે.

આજે આપણા મનમાંથી સંવદના ઓછી થવા લાગી છે. નિષ્ઠુરતાને-નિરાશામાં જીવવાની આપણને આદત પડી ગઈ છે. આવા સમયમાં જો કોઈ મંત્રો ગણગણવામાં આવે તો હૃદય તેની સાથે એકાકાર થઈને પ્રસન્ન થઈ જાય છે. ધીરે ધીરે આ બધું લુપ્ત થઈ રહ્યું છે. કોઈ સંતવાણી, ગ્રંથ કે સ્તોત્રથી હૃદય સંવેદનાથી ભરાય છે. સંતનું જીવન અત્યંત નિર્મળ હો.ય છે. તે આત્મા સાથે એકાકાર થઈને પોતાની વાણી પ્રવાહિત કરે છે. બાહ્ય જગતમાં તેનાથી બહાર આવવા આપણે ખૂબ જ પ્રયત્નો કરીએ છીએ. ઘણી વખત તેનાથી છૂટ્યા હોઈએ તેવો પણ અનુભવ કરીએ છીએ. આંતરિક સમસ્યાઓથી બહાર આવવાનો પ્રયત્ન કરવો જોઈએ. બાહ્ય જગતમાંથી છૂટી પણ ગયા તો આંતરિક સમસ્યાઓમાં ફસાઈ જઈએ છીએ. તેમાંથી બચવા અંતરાત્માનાં દર્શન માટે પૂરતો પ્રયાસ કરવો જોઈએ.

સત્સંગ શ્રેષ્ઠ માધ્યમ છે. જે પણ રીતે થાય તે રીતે સત્સંગ કરવો જોઈએ.

### મણકો ૫૫ મો : ''ગૃહસ્થીમાં રહીને પણ તપસ્વી જીવન જીવવું જોઈએ.''

દુનિયામાં અનેક પ્રકારના લોકો હોય છે. કોને તમારું કામ પસંદ છે કે નથી તેના વિશે તમે કંઈ વિચારી શકો નહીં. આપણે આપણું મોટા ભાગનું જીવન બીજાથી પ્રભાવિત રાખીએ છીએ. તેથી આપણે ચિંતિત રહીએ છીએ કે લોકોને શું પસંદ છે? કેટલાક લોકો તમારી ખોટી પ્રશંસા કરીને તમારા અહંકારને વધારશે અને તમને ખ્યાલ પણ નહીં આવે કે તમે પોતાને કેટલું નુકશાન કરી રહ્યા છો?

આપણા જીવનમાં વનનું ખૂબ જ મહત્ત્વ છે. એટલા માટે નહીં કે જંગલો પર્યાવરણ સાથે જોડાયેલાં છે પણ એટલા માટે દુનિયાના લગભગ બધા જ મહાન લોકોના જીવનનો એક મોટો હિસ્સો વન સાથે જોડાયેલો છે. વન અને તપ એકબીજાના પર્યાય છે. જીવનમાં તપ જરૂર હોવું જોઈએ. આપણે ત્યાં કેટલાક લોકોએ આજે પણ તપ અને ઉપવાસને પ્રશંસાનો વિષય બનાવી દીધો છે. ઘણા લોકો એટલા માટે સાધુ-મહાત્મા બની ગયા કારણ કે તેમણે શરીરથી કામ કર્યુ અને લોકોએ તેનો જયજયકાર કર્યો. સંસારમાં લોકોને એ વાતમાં જ મજા આવે છે કે કોઈ પોતાનું શરીર ઘટાડી રહ્યું છે, કોઈ ભૂખ્યું રહી રહ્યું છે, કોઈ આગ પર ઊંધા લટકી રહ્યા છે. આવું જ જીવનમાં બની રહ્યું છે. આપણે ત્યાં તપ માટે વનમાં જઈને એટલા માટે તપ કરવામાં આવતું કે ત્યાં એકાંત મૌન અને દૃષ્ટિ ત્રણે રહે છે. જંગલ ભગવાનની અભિવ્યક્તિ હોય છે અને પરમાત્મા મળે તો બીજાની પ્રશંસા, આલોચનાની ચિંતા ન કરવી જોઈએ. તેથી ઘરમાં રહીને પણ થોડું તપસ્વી જીવન જીવવું જોઈએ.

**વૈશમ્પાયનજી કહે છે** - જનમેજય! જટાસુરના માર્યા જવાથી મહારાજ યુધિષ્ઠિર ફરી શ્રીનર-નારાયણના આશ્રમમાં આવીને રહેવા લાગ્યા. તે વખતે તેમને પોતાના ભાઈ અર્જુનનું સ્મરણ થઈ આવ્યું. તેઓ દ્રૌપદી સહિત બધા ભાઈઓને બોલાવીને કહેવા લાગ્યા, ''અર્જુને મને કહ્યું હતું કે ''હું પાંચ વર્ષ સુધી સ્વર્ગમાં અસ્ત્રવિદ્યા શીખ્યા બાદ અહીં મૃત્યુલોકમાં પાછો આવીશ.'' તેથી જે સમયે અર્જુન અસ્ત્રવિદ્યા શીખીને અહીં આવે. ત્યારે આપણે બધાએ તેને મળવા માટે તૈયાર રહેવું જોઈએ. આ પ્રમાણે વાતચીત કરતાં તેમણે બ્રાહ્મણો અને ભાઈઓની સાથે આગળ જવા પ્રસ્થાન કર્યું. તેઓ ક્યાંક પગપાળા ચાલતા હતા અને ક્યાંક રાક્ષસો તેમને ખભા પર બેસાડીને લઈ જતા હતા. આ પ્રમાણે રસ્તામાં કૈલાસ પર્વત, મૈનાકપર્વત અને ગંદમાદનની તળેટીને, શ્વેતગિરિને તથા ઉપર-ઉપરના પહાડોની અનેક નિર્મળ નદીઓને જોતાં જોતાં તેઓ સાતમા દિવસે હિમાલયના પવિત્ર પૃષ્ઠભાગ પર પહોચ્યા. ત્યાં તેમણે રાજર્ષિ વૃષપર્વાનો પવિત્ર આશ્રમ જોયો તે અનેક પ્રકારનાં ફૂલોથી લદાયેલાં વૃક્ષોથી શોભી રહ્યો હતો. પાંડવોએ તે આશ્રમમાં પહોંચીને પરમ ધાર્મિક રાજર્ષિ વૃષપર્વાને પ્રણામ કર્યા. રાજર્પિએ પુત્રોની જેમ તેમને ધન્યવાદ આપ્યા. પાંડવો રાજર્ષિ દ્વારા સત્કૃત થઈને ત્યાં સાત રાત્રિ રોકાયા. આઠમા દિવસે તેમણે જગ પ્રસિદ્ધ વૃષપર્વાજીને કહ્યું કે હવે અમારી આગળ જવાની ઈચ્છા છે. તેમની પાસે જે સામાન હતો તે તેમણે તેમને આપી દીધો તથા પોતાનાં યજ્ઞપાત્ર, રત્નો અને આભૂષણો પણ તેમના આશ્રમમાં મૂકી દીધાં. રાજર્ષિ વૃષપર્વા ભૂત અને ભવિષ્યના જ્ઞાતા તથા બધા ધર્મોના મર્મજ્ઞ હતા. તેમણે નીકળતી વખતે પાંડવોને પુત્રોની જેમ ઉપદેશ આપ્યો. પછી તેમની આજ્ઞા લઈને તેઓ ઉત્તર દિશા તરફ ચાલ્યા.

ત્યાંથી સત્યપરાક્રમી કુતીનંદન યુધિષ્ઠિર ભાઈઓ સાથે પગપાળા જ ચાલ્યા. તે પ્રદેશ અનેક પ્રકારનાં હરણાંઓથી ભરચક હતો. રસ્તામાં પર્વતો ઉપર જાતજાતનાં વૃક્ષોની ઝાડીઓમાં નિવાસ કરતા રહીને તેમણે ચોથા દિવસે શ્વેતપર્વત પર પદાર્પણ કર્યું. શ્વેતાચલ એક બહુ મોટા વાદળ જેવો સફેદ-સફેદ દેખાતો હતો, તેના ઉપર જળ વિપુલ માત્રામાં હતું તથા મણિ, સોનું અને ચાંદીની શિલાઓ હતી. રસ્તામાં ધૌમ્ય, દ્રૌપદી, પાંડવો અને મહર્ષિ લોમશ સાથે-સાથે જ ચાલતા હતા. તેમનામાંથી કોઈ થાકતું ન હતું. આ પ્રમાણે ચાલતાં ચાલતાં તેઓ માલ્યવાન પર્વત પર પહોંચી ગયા. તેની ઉપર ચડીને તેમણે કિમ્પુરુષ, સિદ્ધ અને ચારણોથી સેવિત ગંધમાદનનાં દર્શન કર્યાં. તેને જોઈને તેમને હર્ષથી રોમાંચ થઈ આવ્યો. ક્રમશઃ તે વીરોએ મન અને નેત્રોને આનંદિત કરનારા પરમપવિત્ર ગંધમાદનના વનમાં પ્રવેશ કર્યો. તે વખતે મહારાજ યુધિષ્ઠિરે ભીમસેનને પ્રેમથી કહ્યું, ''અહો! આ ગંધમાદનનું વન કેટલું શોભા- સંપન્ન છે! આ મનોહર વનમાં અતિ દિવ્ય વૃક્ષો છે તથા પત્ર, પુષ્પ અને ફળોથી સુશોભિત જાતજાતની લતાઓ છે. અહીં, આ પરમ પવિત્ર દેવનદી ગંગા તરફ તો જુઓ, તેમાં અનેક કલહંસ ક્રીડા કરી રહ્યા છે તથા એના કિનારે અનેક કિન્નરો નિવાસ કરે છે. હે કુંતીનંદન ભીમ! જાતજાતનાં ખનીજ, નદી, કિન્નર, મૃગ, પક્ષી, ગંધર્વ, અપ્સરા, મનોરમ વન, અનેક પ્રકારના સાપ અને સેંકડો, શિખરોથી સુશોભિત આ પર્વતરાજ તરફ દૃષ્ટિ તો કરો.'

**વૈશમ્પાયનજી કહે છે** - જનમેજય! આ પ્રમાણે શૂરવીર પાંડવો પોતાના નિર્ધારિત સ્થાન પર પહોંચીને મનમાં બહુ પ્રસન્ન થયા. તે પર્વતરાજને જોતાં-જોતાં તેમને તૃપ્તિ થતી ન હતી. પછી તેમણે ફળ-ફૂલવાળાં વૃક્ષોથી સૂશોભિત રાજર્ષિ

આર્ષ્ટિષેણનો આશ્રમ જોયો. રાજર્ષિ મોટા તપસ્વી હતા. તેમનું શરીર અત્યંત કૃશ હતું, શરીરની બધી નસો દેખાતી હતી અને તેઓ સમસ્ત ધર્મોના જ્ઞાતા હતા. પાંડવોએ તેમની પાસે જઈને યથાયોગ્ય પ્રણામ કર્યા. ધર્મજ્ઞ આર્ષ્ટિષેણે દિવ્ય દૃષ્ટિથી પાંડવોને ઓળખી લીધા અને તેમને બેસવા માટે કહ્યું. પાંડવો બેસી ગયા પછી મહાતપસ્વીઆર્ષ્ટિષેણે કૌરવોમાં શ્રેષ્ઠ ધર્મરાજનો સત્કાર કરીને પૂછ્યું, ''રાજન્! તમારું મન ક્યારેય અસત્ય તરફ તો જતું નથી ને? તમે સદા ધર્મમાં સ્થિત રહો છો ને? તમારાં માતાપિતાની સેવામાં તો કોઈ વિક્ષેપ થતો નથી ને? પોતાના સઘળા ગુરુજનો, વૃદ્ધ પુરુષો અને વિદ્વાનોનો સત્કાર તો કરો છો ને? પાપકર્મો તરફ તો તમારું મન ક્યારેય જતું નથી ને? તમે ઉપકારનો બદલો ચુકાવવો અને અપકારને ભૂલી જવું એ તો સારી રીતે જાણો છો ને? અને આ જ્ઞાનનું તમને અભિમાન તો નથી ને? તમારી પાસેથી યથાયોગ્ય માન મેળવીને સાધુ-સંતો પ્રસન્ન તો રહે છે ને? વનમાં રહીને પણ તમે ધર્મનું પાલન તો કરો છો ને? તમારા વ્યવહારથી ધૌમ્યજીને તો કદી કષ્ટ થતું નથી ને? દાન, ધર્મ, તપ, શૌચ, આર્જવ (સરળતા) અને તિતિક્ષાનું આચરણ કરતા રહીને તમે તમારા બાપ-દાદાઓના શીલનું અનુસરણ કરો છો ને? તમે રાજર્ષિઓ દ્વારા આચરિત માર્ગે જ ચાલો છો ને? જ્યારે કોઈ પણ કુળમાં પુત્ર-પૌત્રનો જન્મ થાય છે તો પિતૃલોકમાં રહેનારા પિતૃઓ હસે પણ છે અને શોક પણ કરે છે; કેમ કે તેઓ વિચારે છે કે શી ખબર, અમને આનાં કુકર્મોથી દુઃખ ભોગવવું પડશે કે આના શુભ કર્મોથી સુખ મળશે. હે પાર્થ! જે પુરુષ માતા, પિતા, અગ્નિ, ગુરુ અને આત્માની પૂજા કરે છે, તે આ લોક અતે પરલોક બંનેને જીતી લે છે.'

આ સાંભળીને **મહારાજ યુધિષ્ઠિરે કહ્યું** - ભગવન્! તમે ધર્મનું આ પ્રમાણે યથાર્થ વર્ણન કર્યું છે. હું તો યથાશક્તિ મારી યોગ્યતા અનુસાર આનું વિધિવત્ પાલન કરું છું.

**આર્ષ્ટિષેણે કહ્યું** - પૂર્ણિમા અને પ્રતિપદાની સન્ધિમાં આ પર્વત પર માત્ર જળ અથવા પવનનું જ સેવન કરનારા મુનિઓ આકાશમાર્ગથી આવે છે. તે સમયે અહીં ભેરી, પણવ, શંખ અને મૃદગોનો અવાજ સંભળાય છે. તમારે અહીં બેઠાં બેઠાં તે સાંભળવો જોઈએ, ત્યાં જવાનો વિચાર બિલકુલ ન કરવો જોઈએ. અહીંથી આગળ તમારા માટે જવું સંભવ નથી. કેમકે હવે આગળ દેવોની વિહારભૂમિ છે. તેમાં મનુષ્યોની ગતિ થઈ શકતી નથી. આ કૈલાસ શિખરને ઓળંગીને માત્ર પરમસિદ્ધ અને દેવર્ષિઓ જ જઈ શકે છે. જો કોઈ મનુષ્ય ચાલાકીથી જવાનો પ્રયત્ન કરે તો તેનો સઘળા પર્વતીય જીવો દ્વેષ કરવા લાગે છે અને રાક્ષસો તેને લોઢાની બરછીઓથી મારે છે. પર્વ- સન્ધિઓ પર અહીં નરવાહન કુબેરજી પણ ઘણા ઠાઠ-માઠથી આવે છે. આ કૈલાસના શિખર પર
જ દેવતા, દાનવ, સિદ્ધો અને કુબેરનો ઉદ્યાન છે. આ પ્રમાણે પર્વ-સન્ધિઓ પર અહીં બધાં પ્રાણીઓને આવી ઘણી વિચિત્ર વાતો જોવા મળે છે. તેથી જ્યાં સુધી અર્જુન આવે, ત્યાં સુધી તમે અહીં જ રહો.

અતુલિત તેજસ્વી મુનિવર આર્ષ્ટિષેણની આ હિતકર વાતો સાંભળીને પાંડવો નિરંતર તેમની આજ્ઞા અનુસાર વર્તવા લાગ્યા. તેઓ [હિમાલય પર રહીને મહર્ષિ લોમશના અનેક ઉપદેશો સાંભળતા હતા. આ પ્રમાણે ત્યાં રહેતાં તેમના વનવાસનાં પાંચ વર્ષો વીતી ગયાં. ઘટોત્કચ તો રાક્ષસો સાથે પહેલેથી જ ચાલ્યો ગયો હતો. જતી વખતે તે કહીં ગયો હતો કે જરૂર પડ્યે હું પાછો આવી જઈશ. તે આશ્રમ પર પાંડવો ઘણા મહિનાઓ સુધી રહ્યા અને તેમણે અનેક અદ્દભુત ઘટનાઓ જોઈ. એક દિવસ વહેતો વાયુ સ્વયં હિમાલયના શિખર પરથી બધી રીતે સુંદર અને સુગંધિત પુષ્પો ઉડાડીને લઈ આવ્યો. ભાઈ- બાંધવો સાથે પાંડવોએ અને યશસ્વિની દ્રૌપદીએ ત્યાં તે પચરંગી પુષ્પો જોયાં. ■


॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥




પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ



પ.પૂ. સ્વામીશ્રી ભૂમાનંદસાગરજી
મહારાજ વેદાન્તાચાર્ય

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ તથા ચાતુર્માસ - ચાણોદ

**શ્રી ગામ ચાણોદ ધામ થી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાંચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આ વર્ષમાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતીઅનુકંપાથી એવમ્ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી**ના આશિર્વાદથી તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીની પ્રેરણાથી પ.પૂ. **સ્વામીશ્રી ભૂમાનંદસાગરજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં નર્મદામૈયાની ગોદમાં ચાણોદ મુકામે સંવત ૨૦૮૦ અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા (વ્યાસપૂર્ણિમા) તા.૨૧/૭/૨૦૨૪ રવિવારના પવિત્ર દિવસે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

તેમજ પરમ પૂજ્ય **સ્વામીશ્રી ભૂમાનંદસાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીનું ચાતુર્માસ ચાણોદ મુકામે સંવત ૨૦૮૦ અષાઢ સુદ પુનમ તા. ૨૧/૭/૨૦૨૪ ને રવિવાર થી ભાદરવા સુદ પુનમ તા. ૧૮/૯/૨૦૨૪ ને બુધવાર સુધી ચાણોદ મુકામે રાખેલ છે. તો આ પ્રસંગે અમુલ્ય લાભ લેવા સર્વે સેવક ભાઈઓ - બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ, તા.૨૧/૦૭/૨૦૨૪ રવિવાર

| | | | |
|---|---|---|---|
| **પ્રાતઃકાલ** | : | **૫.૧૫ થી ૫.૪૫** | **પ્રભાતિયા** |
| **સવારે** | : | **૫.૪૫ થી ૭.૧૫** | **શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ** |
| **સવારે** | : | **૭.૧૫ થી ૯.૦૦** | **ચા-પાણી-નાસ્તો** |
| **સવારે** | : | **૯.૦૦ થી ૧૦.૦૦** | **શ્રી સદ્ગુરૂ પૂજન વિધિ** |
| **સવારે** | : | **૧૦.૦૦ થી ૧૨.૦૦** | **સંતોના આશિર્વાદ પ્રવચન** |
| **બપોરે** | : | **૧૨.૦૦ કલાકે** | **મહાપ્રસાદ** |

## ચાતુર્માસ દરમ્યાન સત્સંગનો સમય

**સવારે : ૬.૦૦ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ**
**સાંજે : ૫.૦૦ થી ૬.૦૦ ભજન, પ્રવચન (વિષય :કર્મ, ધર્મ, ભક્તિ, જ્ઞાન)**
**સાંજે : ૬.૦૦ કલાકે - આરતી - દંડવત - ધોળ - પ્રાર્થના.**

**:: નિમંત્રક ::**

**સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, ચાણોદ**

**● મહોત્સવ સ્થળ ●**

**''શ્રી માધવાનંદ આશ્રમ''**
**તા. ડભોઈ, જિ. વડોદરા, મુ.ચાણોદ**
**સંપર્ક : ૯૮૨૫૧ ૨૦૬૨૧**

॥ ॐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥



પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ



પ.પૂ. બ્રહ્મચારી શ્રી જયાનંદજી
મહારાજ વેદાન્તાચાર્ય

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ તથા ચાતુર્માસ - સુરત

**શ્રી ગામ સુરત શહેર થી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાંચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આ વર્ષમાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતીઅનુકંપાથી એવમ્ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી**ના આશિર્વાદથી તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીની પ્રેરણાથી પ.પૂ. **બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ભગવતી તાપીમૈયાની ગોદમાં સુરત મુકામે સંવત ૨૦૮૦ અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા (વ્યાસપૂર્ણિમા) તા.૨૧/૭/૨૦૨૪ રવિવારના પવિત્ર દિવસે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે.

તેમજ પરમ પૂજ્ય **બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીનું ચાતુર્માસ સુરત મુકામે સંવત ૨૦૮૦ અષાઢ સુદ પુનમ તા. ૨૧/૭/૨૦૨૪ ને રવિવાર થી ભાદરવા સુદ પુનમ તા. ૧૮/૯/૨૦૨૪ ને બુધવાર સુધી સુરત મુકામે રાખેલ છે. તો આ પ્રસંગે અમુલ્ય લાભ લેવા સર્વે સેવક ભાઈઓ - બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ, તા.૨૧/૦૭/૨૦૨૪ રવિવાર

| | | | |
|---|---|---|---|
| **પ્રાતઃકાલ** | : | **૫.૧૫ થી ૫.૪૫** | **પ્રભાતિયા** |
| **સવારે** | : | **૫.૪૫ થી ૭.૧૫** | **શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ** |
| **સવારે** | : | **૭.૧૫ થી ૯.૦૦** | **ચા-પાણી-નાસ્તો** |
| **સવારે** | : | **૯.૦૦ થી ૧૦.૦૦** | **શ્રી સદ્‌ગુરૂ પૂજન વિધિ** |
| **સવારે** | : | **૧૦.૦૦ થી ૧૨.૦૦** | **સંતોના આશિર્વાદ પ્રવચન** |
| **બપોરે** | : | **૧૨.૦૦ કલાકે** | **મહાપ્રસાદ** |

## ચાતુર્માસ દરમ્યાન સત્સંગનો સમય

| | | |
|---|---|---|
| **સવારે** | : | **૬.૦૦ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ** |
| **બપોરે** | : | **૩.૩૦ થી ૪.૦૦ ભજન, કીર્તન** |
| **બપોરે** | : | **૪.૦૦ થી ૫.૦૦ પ્રવચન (વિષય :ભગવાન શંકરાચાર્ય પ્રણીત પ્રશ્નોતર રત્નમાલિકા)** |
| **સાંજે** | : | **૫.૦૦ થી ૫.૩૦ આરતી - દંડવત - ધોળ** |
| **રાત્રે** | : | **૯.૦૦ થી ૧૦.૦૦ પ્રાર્થના, પ્રવચન (વિષય : ભગવાન શંકરાચાર્ય કૃત મણિરત્નમાલા - એક માસ)** |
| | | **(ભગવાન શંકરાચાર્ય કૃત શ્રીચર્પટપંજરિકા સ્તોત્ર- એક માસ)** |

## :: નિમંત્રક ::

**સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, સુરત**

**● મહોત્સવ સ્થળ ●**

**''શ્રી માધવાનંદ આશ્રમ''**


**માધવાનંદ માર્ગ, કરાડાગામ, ધોળકીયા ફાર્મની બાજુમાં, તાપી કિનારે, સુરત.**

**સંપર્ક : ભગવાનભાઈ મોણપરા (નાવડા) - ૯૪૨૬૯ ૭૮૧૮૩**

**નાગજીભાઈ મોણપરા (ચોગઠ) - ૯૯૧૩૧ ૪૪૯૬૧**

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥

॥ ૐ શ્રી માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥



પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજશ્રી



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રી



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ, અમેરીકા (U.S.A.)
# આમંત્રણ પત્રિકા

શ્રી અમેરીકા (U.S.A.) થી લી. સ્વામીજી મહારાજશ્રી ના ચરણોપાસક સેવક સમસ્તના ઘણા હેતથી જયશ્રી સચ્ચિદાનંદ વાંચશોજી. જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી** ની અમીદ્રષ્ટિથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદસ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રી** ની પરમ કૃપાથી તથા પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી** ના શુભ આશિર્વાદથી આ વર્ષે પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ-સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં સંવત ૨૦૮૦ અષાઢ સુદ ગુરૂપૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા) મહોત્સવ તા. ૨૧-૭-૨૦૨૪ રવિવારના રોજ અમેરીકા (U.S.A.) મુકામે ધામધૂમથી ઉજવવામાં આવશે.

ગુરૂપૂર્ણિમાં એ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી સદ્‌ગુરૂની પાદુકાનું પૂજન, પ્રવચન, આરતી અને આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત થયેલ છે. તેવો શ્રી ના પરમ પવિત્ર વચનામૃતને ગ્રહણ કરવાથી ધર્મ - અર્થ - કામ અને મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. તો આ પ્રસંગે પૂજન અર્ચન અને શ્રવણ કરવાનો અમુલ્ય લાભ લેવા સર્વે સેવક ભાઈઓ બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

**(ખાસ નોંધ : સુવ્યવસ્થા જળવાય રહે તે હેતુથી તા. ૧૪-૭-૨૦૨૪ પહેલા જાણ કરીને અવસરનો લાભ લેવા અવશ્ય પધારશોજી.)**

## ગુરૂપૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ : તા. ૨૧-૭-૨૦૨૪ ને રવિવાર

| | |
|---|---|
| શ્રી સદ્‌ગુરૂ પૂજન | : બપોરે ૨-૦૦ થી ૩-૦૦ (p.m.) |
| શ્રી ગુરૂમહિમા તથા ભજન-કીર્તન | : બપોરે ૩-૦૦ થી ૪-૦૦ (p.m.) |
| પ.પૂ. સ્વામીજીશ્રીના મુખેથી દિવ્યવાણી | : બપોરે ૪-૦૦ થી ૫-૦૦ (p.m.) |
| આરતી-ધોળ તથા બ્રહ્મ ભોજન | : બપોરે ૫-૦૦ થી ૭-૦૦ (p.m.) |

પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી તા. ૧૫-૭-૨૪ ના રોજ America NJ (USA) પધારશે.
પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો અમેરીકાનો ફોન નંબર : 908-398-4899

### મહોત્સવ સ્થળ


Ashram-11, Regina St,
Union, NJ 07083

### સંપર્ક સૂત્ર

| | |
|---|---|
| શ્રી મહેન્દ્રભાઈ પટેલ | : 973-262-2776 |
| શ્રીમતી ગીતાબેન પટેલ | : 862-579-0398 |
| શ્રી પરેશભાઈ પટેલ | : 862-235-7734 |

**નિમંત્રક : સ્વ. જશભાઈ મહિજીભાઈ પટેલ પરિવાર (ઉમલાવ) તથા**
**શ્રી સચ્ચિદાનંદ સત્સંગ મંડળ, અમેરીકા**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રી તા.૨૩-૬-૨૦૨૪ ના દિવસે લંડન (યુકે) ધર્મ પ્રચાર માટે પધાર્યા છે. લંડનનો સંપર્ક નં. : **00 44 7734 33 59 28**

પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો યુ.કે.નો કાર્યક્રમ

- 23rd June to 1st July - South Ohxey, Harrow, Wembley
- 2nd July to 7th July - Leicester.
- 8th July to 11th July - Croydon.
- 12th July to 13th July Harrow, South ohxey.
- પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા. ૧૪-૭-૨૦૨૪ ના દિવસે લંડન (U.K.) થી અમેરિકા U.S.A. NJ (America) ધર્મ પ્રચાર માટે પ્રસ્થાન કરશે.
- સંવત ૨૦૮૦ અષાઢ સુદ ગુરૂપૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા) મહોત્સવ તા.૨૧-૭-૨૦૨૪ રવિવારના રોજ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં અમેરીકા (U.S.A.) મુકામે ધામધૂમથી ઉજવવામાં આવશે.
  પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી નો અમેરિકાનો ફોન નંબર : **001 908-398-4899** અને પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો ઈન્ડિયાનો ચાલુ નંબર છે તેના પર વોટ્સએપ થી વાત થશે. : **98 79 72 57 57**

### श्री गुरुपादुकास्तोत्रम्

ॐ नमोगुरुभ्योगुरुपादुकाभ्यो, नमः परेभ्यः परपादुकाभ्यः।
आचार्यसिद्धेश्वरपादुकाभ्यो, नमो नमः श्रीगुरुपादुकाभ्यः॥ 1॥
ऐंकारहींकाररहस्ययुक्त , श्रींकारगूढ़ार्थमहाविभूत्या।
ॐकारमर्मप्रतिपादिनीभ्यां, नमो नमः श्रीगुरुपादुकाभ्याम्॥ 2॥
अनन्तशोभासमलङ्कृताभ्यां, अनन्तपुण्यप्रचयप्रदाभ्याम्।
दुर्वासनोन्मूलनतत्पराभ्यां, नमो नमः श्रीगुरुपादुकाभ्याम्॥ 3॥
कोटि-कोटि-महायज्ञात् कोटि-कोटि-महाव्रतात्।
कोटि-कोटि-महादानात् पराश्री पादुकास्मृतिः॥ 4॥

महारोगे महोत्पाते मदादुःखे महाभये।
महापदि महापापे स्मृता रक्षति पादुका॥ 5॥
दुराचारे दुरालापे दुःसङ्गे दुष्प्रतिग्रहे।
दुष्क्रियायाञ्च दुर्बुद्धौ स्मृता रक्षति पादुका॥ 6॥
तेनाधीतं श्रुतं ज्ञातमिष्टं दत्तञ्च पूजितम्।
जिव्हाग्रे वर्तते यस्य सदा श्रीपादुका प्रिये॥ 7॥




સૌજન્ય

## અખંડ દીપ ટેક્ષટાઈલ્સ

**શ્રી લક્ષ્મણભાઈ ભવાનભાઈ ભરોડીયા**

**ગામ : પાલડી (હાલ : સુરત)**